# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 22-02-2026** **Midday : 2.30 TO 2.35 PM**
**Day : Sunday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સોનલ પરમાર** વાંચે છે.

---

## સમાચારનાં અંતે

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતાં. આ સમાચાર નું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

……………………………….

(ગોન્ગ)

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# PM MANN KI BAAT-1

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું , ઇન્ડિયા A.I. ઇમ્પેક્ટ સંમેલન ભવિષ્યમાં યંત્ર સંબંધિત બુદ્ધિમત્તાના ઉપયોગની દિશામાં મહત્વનું પગલું સાબિત થઈ શકે છે. આકાશવાણી પરથી પ્રસારિત થયેલા "મન કી બાત " કાર્યક્રમમાં શ્રી મોદીએ કહ્યું , આ સંમેલન માટે નવી દિલ્હીમાં અનેક દેશના નેતા , ઉદ્યોગપતિ, સંશોધકો અને ઉદ્યોગસાહસિકો ઉપસ્થિત રહ્યા.

(BYTE: NARENDRA MODI, PRIME MINISTER) – AI SUMMIT

શ્રી મોદીએ કહ્યું, A.I. સમિટમાં અમૂલ બૂથ અને સુશ્રુત સંહિતાને પ્રદર્શિત કરવામાં આવી, જેનાથી વૈશ્વિક નેતાઓ ઘણા પ્રભાવિત થયા હતા. આ બૂથમાં કૃત્રિમ બુદ્ધિમત્તા - A.I.નો ઉપયોગ પશુઓના સ્વાસ્થ્ય અને ડેરી વ્યવસ્થાપનમાં ખેડૂતોને 24 કલાક સાતે-સાત દિવસ મદદ આપી રહ્યું હોવા અંગે માહિતી અપાઈ.

પ્રધાનમંત્રીએ "મન કી બાત"માં ડિજિટલ ધરપકડ અને ડિજિટલ છેતરપિંડી પર ચર્ચા કર્યા બાદ જાગૃતિ વધી હોવાનું જણાવ્યું. તેમણે લોકોને ઓટીપી, આધાર નંબર કે બૅન્ક ખાતાની માહિતી કોઈની પણ સાથે શેર ન કરવા તેમજ પાસવર્ડ બદલતા રહેવાની સલાહ આપી.

(BYTE: NARENDRA MODI, PRIME MINISTER) - DIGITAL ARREST

પ્રધાનમંત્રીએ રમઝાન મહિના અને આગામી હોળીના તહેવારની પણ દેશવાસીઓને શુભેચ્છાઓ પાઠવી. સાથે જ તેમણે વૉકલ ફૉર લોકલના મંત્રનો પુનરોચ્ચાર કરતા કહ્યું, સ્વદેશી ચીજવસ્તુઓની ખરીદી દેશને આત્મનિર્ભર બનાવવામાં મદદરૂપ થશે.

(BYTE: NARENDRA MODI, PRIME MINISTER) – RAMZAN

# PM MANN KI BAAT-2

શ્રી મોદીએ હાલના દિવસોમાં વિદ્યાર્થીઓ કોઈ પણ તણાવ વગર સંપૂર્ણ સમર્થન સાથે પરીક્ષાની તૈયારીઓ કરી રહ્યા હોવાની આશા વ્યક્ત કરી. તેમણે કહ્યું , માત્ર ગુણપત્રક જ વિદ્યાર્થીઓનું મૂલ્ય નિર્ધારીત ન કરી શકે. સાથે જ શ્રી મોદીએ તમામ વિદ્યાર્થીઓ પોતાની પરીક્ષાઓમાં સફળ થાય અને અનેક ઉંચાઈઓ સુધી પહોંચે તેવી શુભેચ્છાઓ પણ પાઠવી.

પ્રધાનમંત્રીએ ટી-20 ક્રિકેટ વિશ્વકપમાં ભારતીય મૂળના અનેક ખેલાડીઓ સામેલ હોવા અંગે આનંદ વ્યક્ત કર્યો. કેનેડાની ટીમમાં આવા ખેલાડીઓની સંખ્યા સૌથી વધુ છે. શ્રી મોદીએ કહ્યું , અમેરિકાની ટીમમાં પણ ભારતીય મૂળના અનેક ખેલાડી છે. તે ટીમના સુકાની મોનાંક પટેલ ગુજરાતની અંડર 16 અને અંડર 18 ટીમ માટે અગાઉ રમ્યા હોવાનો પણ શ્રી મોદીએ ઉલ્લેખ કર્યો.

. . . . . . . . . . . . .

# MANN KI BAAT DISTRICTS

રાજ્યભરમાં પણ લોકોએ પ્રધાનમંત્રીના મન કી બાત કાર્યક્રમનું પ્રસારણ સાંભળ્યું. છોટાઉદેપુરમાં વિવિધ ગામ અને શહેરી વિસ્તારમાં 150 બૂથ પર લોકોએ LED સ્ક્રિન અને ઑડિયો સિસ્ટમ થકી આ કાર્યક્રમનું જીવંત પ્રસારણ નીહાળ્યું. આ અંગે જિલ્લા ભાજપના પ્રમુખ ઉમેશ રાઠવાએ પ્રતિક્રિયા આપી.

(BYTE: UMESH RATHWA, PRESIDENT,

CHHOTA UDEPUR BJP)

તો, બનાસકાંઠા અને વાવ-થરાદ જિલ્લાના કાર્યકર્તાઓ , વડીલ, યુવાનોએ મોબાઈલ અને ટીવીના માધ્યમથી આ કાર્યક્રમને નીહાળ્યો.

. . . . . . . . . . . . .

# REV CRICKET T20 WORLD CUP

ICC ટી-20 ક્રિકેટ વિશ્વકપના સુપર આઠ તબક્કામાં ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચે આજે મુકાબલો થશે. અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં સાંજે સાત વાગ્યે આ મૅચ શરૂ થશે.

ભારતીય ટીમ ચાર મેચ જીતીને પોતાના ગ્રૂપમાં ટોચના સ્થાને રહી છે. અમેરિકાને હરાવ્યા બાદ ભારતે નામીબિયાને હરાવ્યું. જ્યારે ભારતે પાકિસ્તાનને 61 રનથી મ્હાત આપી હતી. પોતાની અંતિમ ગ્રૂપ મેચમાં નેધરલેન્ડ્સને 17 રનથી હરાવ્યું હતું.

. . . . . . . . . . . . . . . . . .